# 1 મને કહોને પરમેશ્વર કેવા હશે ?

**મૌખિક**

**૧. તમારી આસપાસ કુદરતમાં રહેલા પ્રકૃતિના તત્વોને જોઈને તમને શું શું જોઈ આશ્ચર્ય થાય છે ?**

કુદરતમાં રહેલા પ્રકૃતિના તત્ત્વોને જોઈને જુંદુ-જુદું આશ્ચર્ય થાય છે, જેમકે – સૂર્યોદય, પૂનમદર્શન, દરિયાનાં મોજાં જોવા, પતંગિયાંની ઊડા-ઊડ, તળાવમાં ખીલેલાં ઘણાં કમળ, પાણીનો ધોધ વગેરે.

**૨. તમને પહાડ પર ચઢવું કે નદીના કિનારે ફરવું કેટલું ગમે ?**

ખૂબ જ ગમે.

**૩. ઊગતા સૂરજને જોઈ તમને કેવી લાગણી થાય છે ?**

ખૂબ જ તાજગીનો અનુભવ થાય છે.

**૪. અમાસની રાતે આકાશમાં અસંખ્ય તારાઓ જોઈ તમે શું શું વિચારો છો ?**

રાતે આકાશે ચમકતાં ટપકાંવાળી ઓઢણી પૃથ્વી પર પાથરી હોય તેવું લાગે છે.

**૫. 'ચાંદો' તમે જોયો છે ? પૂનમના દિવસે દેખાતા ચાંદામાં તમે કોની-કોની આકૃતિઓ જુઓ છો ?**

હા. ચાંદામાં 'ડોશીમા અને બકરી' પાસે-પાસે બેઠાં હોય તેવું લાગે છે !

**૬. 'આંબાવાડિયા'માં કોનાં ઝાડ હોય છે ?**

આંબાના ઝાડ હોય છે.

**૭. આંબાના ઝાડની ડાળી પરથી ઊંચા અવાજે કોયલને તમે કૂહુ... કૂહુ... બોલતી સાંભળી છે ? શું તમે પણ સામે કૂહુ... કૂહુ... બોલો છો ?**

કોયલને કૂહુ.... કૂહુ... બોલતી સાંભળી છે. હું પણ કેટલીકવાર સામે કૂહુ.... કૂહુ... બોલું છું !

## લિખિત

૧. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.

૧. બાળક શું પૂછે છે ?

બાળક પૂછે છે કે પરમેશ્વર કેવા હશે ?

૨. ચાંદો, સૂરજ અને તારાને જોઈને બાળક શું પૂછે છે ?

ચાંદો, સૂરજ અને તારાને જોઈને બાળક પૂછે છે કે ગગનની ઓઢણીમાં ચાંદો, સૂરજ અને તારાને ગૂંથનાર કેવા હશે ?

૩. બાળક આંબાની ઊંચી ડાળી પર ઊગેલાં મૉરોને જોઈને શું પૂછે છે ?

બાળક પૂછે છે કે આંબાની ઊંચી ડાળીએ (ચઢીને) ચડીને મૉરોને મૂકનાર પરમેશ્વર કેવા હશે ?

૪. આંબાની ડાળ પર કયું પંખી આવે છે ?

આંબાની ડાળ પર 'કોયલ' આવે છે.



# 2 શેખચલ્લી

**મૌખિક**

**૧. તમને કોઈકવાર કાલ્પનિક વિચાર આવ્યા છે ?**

હા, કાલ્પનિક વિચારો આવ્યા છે.

**૨. શું તમને કોઈ-કોઈવાર અજબગજબ સપના આવે છે ?**

હા, અજીબોગરીબ સ્વપ્નાં આવે છે જેમકે આકાશમાં ઉડતાં હોઈએ, જંગલમાં સિંહ-વાઘને જોતાં-જોતાં ફરતાં હોઈએ કે પછી અજાણ્યા શહેરની મુલાકાત લેતાં હોઈએ !

**૩. શું 'મહેનત કર્યા વગર શું તરંગોમાં રાચ્યા રહેવું' યોગ્ય ગણાય ?**

મહેનત કરવાથી જ પરિશ્રમનું સાચું ફળ મળે જે લાંબો સમય ટકી રહે છે. મહેનત કર્યા વગર તરંગોમાં રાચવું અયોગ્ય છે.

**૪. વ્યક્તિએ પોતે ધંધા-રોજગારમાં આગળ આવવું હોય તો તેણે ખરેખર કયો રસ્તો અપનાવવો જોઈએ ?**

રોજગાર-ધંધામાં આગળ આવવા માટે વ્યક્તિએ જાતે રસ લઈ ધંધામાં ધ્યાન આપવું જોઈએ, અનુભવીની સલાહ લેવી જોઈએ, મહેનત કરવી જોઈએ.

**લિખિત**

**૧. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તરો લખો.**

**૧. કૃષ્ણવર્મા કેવી રીતે પોતાનું ગુજરાન ચલાવતો ?**

કૃષ્ણવર્મા 'યાચકવૃત્તિ' વડે પોતાનું ગુજરાન ચલાવતો.

**૨. બ્રાહ્મણ કેવો વેશ ધારણ કરીને ભિક્ષા માંગતો ?**

કાળી કોરનું પાટલીવાળું સુતરાઉ ધોતિયું, આસમાની રંગનો ઝભ્ભો અને ઉપર બદામી રંગનો ખેસ પહેરી, કપાળે ચંદનનો ટીકો કરી બ્રાહ્મણ ભિક્ષા માંગતો.

**૩. ઉત્તરાયણના દિવસે તે શું કહેતો-કહેતો ભિક્ષા માંગવા નીકળ્યો ?**

ઉત્તરાયણના દિવસે તે 'મકરસંક્રાન્તિ, પુણ્ય પર્વણી' કહેતો-કહેતો ભિક્ષા માંગવા નીકળ્યો.

**૪. કમળાશેઠાણીએ કૃષ્ણવર્માને દાનમાં શું શું આપ્યું ?**

કમળાશેઠાણીએ કૃષ્ણવર્માને 'કાચું સીધું' અને મીઠાઈ ભરેલો ઘડી તેમજ કિંમતી મોતી-માણેકનાં આભૂષણો વગેરે દાનમાં આપ્યાં.

**૫. કુંભારના વાડાનું ટૂંકમાં વર્ણન તમારા શબ્દોમાં લખો.**

કુંભારના વાડામાં (કાચી) માટીની બનાવેલી ઝૂંપડી હતી. તે માટી, ઘાસફૂસ, ગોબર વડે છાણ-માટીનો ગારો બનાવીને લીંપીને સુઘડ બનાવી હતી. આંગણામાં ચીકણી માટી, લાદ-ગારો, 'ચાકડો' પડેલાં હતાં. નાનાં-મોટાં સાંકડાં મોંના ઘડા, કાળાં માટલાં અને રમકડાં પણ વાડામાં ગોઠવ્યા હતા.

**૬. ઊંઘમાં ને ઊંઘમાં કૃષ્ણવર્માએ શું વિચાર્યું ?**

ઊંઘમાં ને ઊંઘમાં કૃષ્ણવર્મા વિચારમાં ને વિચારમાં ઘડો વેચી લગભગ દસ ચાંદીની મહોરો મેળવવા અંગે વિચારવા લાગ્યો.

**૭. માટીના સાંકડાં મોંના ઘડાઓ અને કાળાં માટલાં વેચી શેખચલ્લી કયો ધંધો કરવા અંગે વિચારતો હતો ?**

માટીના સાંકડાં મોંના ઘડાઓ અને કાળાં માટલાં વેચી, નફાની સોના-રૂપાની મહોરો એકઠી કરીને, એમાંથી રેશમી કાપડનો વેપાર કરવા અંગે વિચારતો હતો.

**૮. ઊંઘમાં ને ઊંઘમાં કૃષ્ણવર્માની શેખાઈ વધતાં તેણે મુઠ્ઠીમાં લાકડી પકડીને શું કર્યું ?**

ઊંઘમાં ને ઊંઘમાં કૃષ્ણવર્માની શેખાઈ વધતાં તેણે મુઠ્ઠીમાં લાકડી પકડીને જોરથી હવામાં ગોળ-ગોળ વીંઝવા માંડી.

## 1. ઉનાળાનો બપોર

ખૂબ ગરમી પડે - સૂર્ય તીવ્ર તાપ આપે - લોકો ઘરમાં રહે - ઠંડા પીણાં પીવે - શાંતિ અને સન્નાટો હોય - રસ્તાઓ સૂમસામ હોય - પંખા અને AC નો ઉપયોગ થાય - પાણીની જરૂર વધે - બાળકો રજાનો આનંદ માણે - ગરમીથી થાક લાગે

---

## 2. જંગલનું મહત્વ

પ્રાણીઓનું ઘર - ઓક્સિજન આપે - પર્યાવરણ શુદ્ધ રાખે - વરસાદમાં મદદ કરે - ઔષધિઓ મળે - વૃક્ષો જમીન જાળવે - પ્રદૂષણ ઘટાડે - પ્રકૃતિનું સંતુલન રાખે - લાકડું અને ફળ મળે - જંગલોનું રક્ષણ જરૂરી છે

# 4. પર્યાવરણનું રક્ષણ

પર્યાવરણનું મહત્વ - પ્રદૂષણથી નુકસાન - વૃક્ષો વાવવાની જરૂર - પાણી બચાવવું - સ્વચ્છતા રાખવી - પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ - હવા શુદ્ધ રાખવી - પ્રાણી-પક્ષીઓની કાળજી - ઊર્જા બચાવવી - દરેકનો ફરજ છે

# શબ્દકોશનો ઉપયોગ

(1) શબ્દોને પ્રથમ બારાક્ષરીના ક્રમમાં અને પછી કક્કાવારી પ્રમાણે ગોઠવવામાં આવે છે.

**બારાક્ષરીનો ક્રમ :**

અ, અં, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ.

**કક્કાનો ક્રમ :**

ક, ખ, ગ, ઘ, ચ, છ, જ, ઝ, ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન, પ, ફ, બ, ભ, મ, ય, ર, લ, વ, શ, ષ, સ, હ, ળ, ક્ષ, જ્ઞ.

(2) શબ્દકોશમાં સૌથી પહેલાં 'અ'થી શરૂ થતા અને છેલ્લે 'હ'થી શરૂ થતા શબ્દો આવે છે.

* 'ઙ્', 'ઞ્', 'ણ' અને 'ળ'થી શરૂ થતા શબ્દો ન હોવાથી તેનો શબ્દકોશમાં સમાવેશ થતો નથી.

* 'ક્ષ' એ 'ક્' અને 'શ'નો જોડાક્ષર હોવાથી 'ક્ષ'થી શરૂ થતા શબ્દો 'ક'ની શ્રેણીમાં આવે છે. જેમ કે, 'ક્ષાર'.

* 'જ્ઞ' એ 'જ્' અને 'ઞ'નો જોડાક્ષર હોવાથી 'જ્ઞ'થી શરૂ થતા શબ્દો 'જ'ની શ્રેણીમાં આવે છે. જેમ કે, 'જ્ઞાન'.

(3) 'ક'થી 'હ' સુધી અક્ષરોને શબ્દકોશના ક્રમમાં ગોઠવાય છે.

ક'નો આવો ક્રમ નીચે પ્રમાણે થાય છે :

ક, કં, કા, કાં, કિ, કિં, કી, કીં, કુ, કું, કૂ, કૂં, કૃ, કે, કે, કેં, કૈ, કૈં, કો, કૉ, કોં, કૌ, કૌં, ક્ર, ક્રં, ...

(4) શબ્દોનો પ્રથમ અક્ષર સમાન હોય તો બીજા અક્ષર પ્રમાણે અને બીજો અક્ષર સમાન હોય તો ત્રીજા અક્ષર પ્રમાણે એમ આગળ વધવું.

દા. ત., 'આરામ' અને 'આકાશ'માં 'આ' સમાન છે. બીજા વર્ણમાં (અક્ષરમાં) 'રા' કરતાં 'કા' આગળ આવે. તેથી 'આકાશ' પછી 'આરામ' આવે.

(5) જે-તે અક્ષરનો બારાક્ષરીનો ક્રમ પૂરો થતાં જોડાક્ષરોનો ક્રમ શરૂ થાય છે. તેમાં જોડાનાર અક્ષરોનો ક્રમ પણ કક્કાવારી પ્રમાણે નક્કી થાય છે.

જેમ કે, 'સ્મારક' પછી 'સ્વાગત' આવે.

(6) 'ઍ' અને 'ઑ' જેવા સ્વરોનો કોશક્રમ 'એ' અને 'ઓ' પ્રમાણે જ નક્કી થાય છે.

હવે આપણે શબ્દોને કોશક્રમ પ્રમાણે ગોઠવીએ.

*** નીચેના શબ્દોને કોશક્રમમાં ગોઠવો :**

આભાર, ચિત્ર, કિનારી, ચાદર, કૃપા, કેશવ, ઉમંગ, ઋષિ, ખાતર, અમર, કુમુદ, પ્રભાવ, નદી, ઇચ્છા.

**ઉત્તર : પહેલાં બારાક્ષરીના ક્રમમાં આવતા શબ્દો લો.**

અમર, આભાર, ઇચ્છા, ઉમંગ, ઋષિ.

**હવે કક્કાવારીના ક્રમમાં આવતા શબ્દો લો.**

કિનારી, કુમુદ, કૃપા, કેશવ, ખાતર, ચાદર, ચિત્ર, નદી, પ્રભાવ.

**બધા જ શબ્દોનો કોશક્રમ નીચે પ્રમાણે થશે :**

અમર, આભાર, ઇચ્છા, ઉમંગ, ઋષિ, કિનારી, કુમુદ, કૃપા, કેશવ, ખાતર, ચાદર, ચિત્ર, નદી, પ્રભાવ.

*** નીચેના શબ્દોને કોશક્રમમાં ગોઠવો :**

યંત્ર, કર્તવ્ય, જીવનમંત્ર, કિનારો, પ્રસંગ, દુષ્કાળ, આરોગ્ય, મૂર્તિ, સ્વ-મૂલ્યાંકન.

**ઉત્તર : પહેલાં બારાક્ષરીના ક્રમમાં આવતા શબ્દો લો.**

આરોગ્ય.

# 2 શબ્દોના અર્થભેદ

જોડણીના સાધારણ ફેરફારથી શબ્દના અર્થમાં ફેરફાર થઈ જાય છે. દા. ત., 'ગાડી'ને બદલે 'ગાંડી' લખાઈ જાય તો – 'મોટર'ને બદલે 'અસ્થિર મગજની' એવો અર્થ થઈ જાય. આવા કેટલાક શબ્દો નીચે આપ્યા છે, તેઓના અર્થ સમજો.

(1) ગાડી – ગાંડી

ગાડી – મોટર ગાંડી – અસ્થિર મગજની

(2) રગ – રંગ

રગ – હઠ, નાડી રંગ – રંગ, કલર

(3) સત – સંત

સત – સત્ય સંત – ભક્ત, સાધુ

(4) ગજ – ગંજ

ગજ – હાથી ગંજ – ઢગલો

(5) ઉદર – ઉંદર

ઉદર – પેટ ઉંદર – એક પ્રાણીનું નામ

(6) પાણી – પાણિ

પાણી – જળ પાણિ – હાથ

(7) ગુણ – ગૂણ

ગુણ – સ્વભાવ, સારી ટેવ ગૂણ – અનાજ ભરવાનો કોથળો

(8) ચિર – ચીર

ચિર – લાંબો સમય ચીર – વસ્ત્ર

(9) ગોળ – ગૉળ

ગોળ – એક આકાર ગૉળ – ખાદ્ય પદાર્થ

(10) મોર – મૉર

મોર – એક પંખીનું નામ મૉર – આંબા પરનાં ફૂલ

## સ્વાધ્યાય

* નીચેના શબ્દોના અર્થ આપી વાક્યપ્રયોગ કરો :

(1) પાણી – પાણિ (2) ઉદર – ઉંદર (3) ગુણ – ગૂણ

(4) ગોળ – ગૉળ (5) ચિર – ચીર (6) મોર – મૉર

**( 3 ) એક વેપારી – સોનાનાં ઘરેણાંની ચોરી – બધા નોકરોને બોલાવવા – એક નોકર પર શંકા – યુક્તિ – દરેક નોકરને સરખી લંબાઈની લાકડી આપવી – 'ચોરની લાકડીની લંબાઈ પાંચ સેમી વધી જશે' તેમ જણાવવું – બીજા દિવસે એક લાકડી ટૂંકી માલૂમ પડવી – ચોર પકડાઈ જવો – બોધ.**

## શેઠની યુક્તિ

એક શેઠ હતા. તેમની કાપડની એક મોટી દુકાન હતી. તેમણે દુકાનમાં અને ઘેર કેટલાક નોકરો રાખ્યા હતા.

એક દિવસ શેઠના ઘરમાં ચોરી થઈ. શેઠાણીનાં સોનાનાં ઘરેણાં ચોરાઈ ગયાં. શેઠ વિચારમાં પડી ગયા. તેમણે બધા નોકરોને બોલાવી ઘરેણાંની ચોરી વિષે નોકરોની પૂછપરછ કરી. પણ કોઈ નોકરે તેમને કંઈ માહિતી આપી નહિ.

શેઠને એક નોકર પર વહેમ હતો.

શેઠે એક યુક્તિ કરી. તેમણે બધા નોકરોને સરખી લંબાઈની લાકડીઓ આપી અને કહ્યું : "તમારામાંથી જેણે ઘરેણાંની ચોરી કરી હશે તેની લાકડી આવતી કાલે પાંચ સેમી જેટલી વધી જશે."

બધા નોકરો લાકડી લઈને જતા રહ્યા.

જે નોકરે ઘરેણાંની ચોરી કરી હતી તે ગભરાયો. તેણે વિચાર્યું કે ચોક્કસ તેની લાકડી પાંચ સેમી જેટલી વધી જશે; તેથી તેણે અગાઉથી જ તે લાકડી પાંચ સેમી જેટલી કાપી નાખી.

બીજે દિવસે શેઠે નોકરોને એક પછી એક બોલાવ્યા અને દરેકની લાકડી તપાસી. તેમને એક નોકરની લાકડી પાંચ સેમી ટૂંકી માલૂમ પડી.

શેઠે તે નોકરને ધમકાવ્યો.

નોકરે ઘરેણાંની ચોરીની કબૂલાત કરી. તેણે શેઠને ઘરેણાં પાછાં આપી દીધાં.

શેઠે તે નોકરને કાઢી મૂક્યો.

શેઠની યુક્તિ સફળ થઈ.

આપણે કળથી કામ કરવું જોઈએ.